તાપમાન
મહત્તમ : ૩૧.૫ ડીગ્રી
લઘુતમ : ૨૬.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૨ ટકા ● સાંજે ૭૯ ટકા

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૮ ૧૮ જુલાઈ, ૨૦૧૬, સોમવાર ; અષાઢ સુદ - ૧૪ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


# આજથી સંસદનું ચોમાસુ સત્ર

## સરકાર-વિપક્ષ સંપૂર્ણ તૈયાર : સંસદનું મોનસુન સત્ર તોફાની બનવાના સ્પષ્ટ સંકેત : અરુણાચલના મુદ્દે સુપ્રીમ કોર્ટના ચુકાદા, એનએસજી મેમ્બરશીપ મેળવવામાં નિષ્ફળતા, યુનિફોર્મ સિવિલ કોડ પ્રશ્ને વિપક્ષ સરકારને ભીંસમાં લેવા તૈયાર

નવી દિલ્હી,તા. ૧૭ સંસદનુ મોનસુન સત્ર આવતીકાલથી શરૂ થઈ રહ્યુ છે. મોનસુન સત્ર તોફાની બનવાના સંકેત દેખાઈ રહ્યા છે. કારણ કે કોંગ્રેસ સહિતના વિરોધ પક્ષો વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને કેટલાક મુદ્દા પર ભીંસમાં લેવા માટે તૈયાર દેખાઈ રહ્યા છે.



બીજી બાજુ મોદીના નેતૃત્વમાં ભાજપ અને એનડીએ પણ આક્રમક રણનિતી તૈયાર કરી ચુકી છે. અરૂણાચલ પ્રદેશના મામલે સુપ્રીમ કોર્ટના ચુકાદા, એનએસજીમાં સભ્યપદ મેળવી લેવામાં ભારતની નિષ્ફળતા અને જમ્મુ કાશમીરમાં હાલમાં ભડકી ઉઠેલી હિસાના મામલે કોંગ્રેસ ભાજપ સરકારને ઘેરવાના મુડમાં છે. આવી સ્થિતીમાં આવતીકાલથી શરૂ થનાર મોનસુન સત્ર તોફાની બનવાના સંકેત છે. મોનસુન સત્ર આવતીકાલથી શરૂ કરવામાં આવ્યા બાદ ૧૨મી ઓગષ્ટ સુધી ચાલનાર છે. બુધવારના દિવસે કેન્દ્રિય ગૃહ પ્રધાન રાજનાથસિંહના નેતૃત્વમાં કેન્દ્રિય કેબિનેટની બેઠક યોજાઈ હતી. જેમાં ૧૮મીથી સંસદના મોનસુન સત્રને શરૂ કરવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. સમાન નાગરિક આચાર સંહિતા લાગુ કરવાના પ્રસ્તાવ પર પંચ પાસેથી મોદી સરકાર દ્વારા હેવાલની માંગનો મુદ્દો પણ છવાઈ જાય તેવી શક્યતા છે. બીજી બાજુ કોંગ્રેસ અને અન્ય પાર્ટીના નેતાઓ સાથે વાતચીત કરવામાં આવ્યા બાદ કેન્દ્ર સરકાર જીએસટી બિલને પસાર કરવા માટે આશાવાદી દેખાઈ રહી છે. સરકાર મોનસુન સત્રમાં જ બિલને પસાર કરવા ઈચ્છુક છે. જીએસટી બિલ પર મતભેદોને દુર કરવા માટે શુક્રવારના દિવસે નાણાંપ્રધાન અરૂણ જેટલી અને માહિતી પ્રસારણ વૈકેયા નાયડુ કોંગ્રેસી નેતા સાથે વાતચીત કરી ચુક્યા છે. ગુલામનબી અને આનંદ શર્મા સાથે વાતચીત કરવામાં આવી હતી. વિવાદાસ્પદ બંધારણીય સુધારા બિલ જેને જીએસટી બિલ તરીકે ઓળખવામાં આવે છે તે બિલ લોકસભામાં પસાર થયા બાદ ગયા

● અનુસંધાન પાન-૭ પર

# ઉત્તરાખંડમાં જળબંબાકાર

## હરિદ્વારમાં ટ્રેન અને વાહનવ્યવહાર સંપૂર્ણ ઠપ : ચારધામની યાત્રાને અસર : ૧૮૭ માર્ગોને બંધ કરવામાં આવ્યા : ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદથી એલર્ટની જાહેરાત

દેહરાદૂન,તા. ૧૭ ઉત્તરાખંડ અને ઉત્તરપ્રદેશમાં ભારે વરસાદના કારણે જનજીવન સંપૂર્ણ ખોરવાઈ ગયુ છે. દહેરાદુનથી પ્રાપ્ત હેવાલ મુજબ ઉત્તરાખંડમાં સતત થઈ રહેલા ભારે વરસાદના કારણે લોકોની હાલત કફોડી બનેલી છે. કેટલાક નીચાણવાળા વિસ્તારો તો જળબંબાકાર થઈ ગયા છે. વરસાદ અને પુર સંબંધિત બનાવમાં ૭ લોકોના મોત થયા છે. જ્યારે ૧૮૭ માર્ગોને બંધ કરી દેવાની ફરજ પડી છે. આના કારણે મોટી સંખ્યામાં લોકો જુદી જુદી જગ્યાએ અટવાઈ પડ્યા છે. હરિદ્વારમાં રેલવે ટ્રેક પર કાટમાળ આવી જવાના કારણે રેલવે સેવાને બંધ કરવાની ફરજ પડી છે. બીજી બાજુ હરિદ્વાર-દિલ્હી હાઈવેને બંધ કરવાની ફરજ પડી છે. સૌથી વધારે ચમોલી જિલ્લામાં ૫૯ માર્ગોને બંધ કરવામાં આવ્યા છે. કેદારનાથ હાઈવે સોનપ્રયાગથી ગૌરીકંડ સુધી બંધ રાખવાની ફરજ પડી છે. બદરીનાથ હાઈ પણ સિરોબગડની

● અનુસંધાન પાન-૭ પર


જ્યોતિષ દીદી
૩ વર્ષની ભવ્ય સફળતા બાદ સતત ચોથા વર્ષે
ગુરૂ પૂર્ણિમા નિમિત્તે
સિધ્ધ શ્રીયંત્રનું વિતરણ
ટોકન ફી માત્ર રૂા.૧૦૧
૧૦૨/૨, ચ-ટાઈપ, સેક્ટર-૨૧, ગાંધીનગર.
મો. 98791 52153

॥ શતમ્ જીવેમ શરદઃ ॥



હિરેન એસ. ભટ્ટ
સુવર્ણ જયંતિ જન્મદિને શુભેચ્છાઓ સહ...
સુરેશભાઈ પ્રા. ભટ્ટ
તથા સમગ્ર પરિવાર
કૃષ્ણકાન્ત જહા
ગાંધીનગર સમાચાર પરિવાર

VAIBHAV FURNISHINGS INC.
RETAIL SHOWROOM & FACTORY OUTLET



DECOR · DC TEX · HOMES · COPPER · SPRINGFIT
• SOFA FABRIC • CURTAIN FABRIC • WALLPAPER • FOAM • MATTRESSES • PILLOWS • BEDSHEETS
Time : 11 a.m. to 9 p.m.
8, SIDDHRAJ ZORI,
SARGAASAN - G'NAGAR
09414119651, 09829719885, 09462597151
Time : 9.30 a.m. to 7 p.m.
E 76, ELECTRONOICS ESTATE,
G.I.D.C., SECTOR 26, G'NAGAR
09462597151, 09414119651

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225



મેળવા ૧૦ બલ્બ રૂ.૭૫ પ્રતિ બલ્બની કિંમત પર
જેમણે જુના ભાવે એલઇડી બલ્બ ખરીદ્યા છે તેમને પણ ભવિષ્યના વીજ બીલમાં આ ભાવ ઘટાડાનો લાભ આપવામાં આવશે
આવો બનાવીએ એક વધુ ઉજ્જવળ અને ગતિશીલ ગુજરાત
વધુ માહિતી માટે સંપર્ક કરો: ૦૨૬૫-૨૩૪૩૬૭૮ અથવા નજીકના વીજ વિતરણ કેન્દ્રનો સંપર્ક કરો.
વીજ બીલમાં વાર્ષિક બચત રૂ.૩૩૬ પ્રતિ બલ્બ
એટલે ૮૨ દિવસમાં બલ્બ ફ્રી
*ઘરેલુ વપરાશ માટે ૧૦ નંગ સુધી રોકડેથી પ્રતિ બલ્બ રૂ.૭૦ ની કિંમત પર તેમજ હપ્તેથી રૂ.૭૫ ની કિંમત પર મળશે, હપ્તાની રકમ વીજ બીલમાં ૫ હપ્તા પેટે વસૂલ કરવામાં આવશે તથા વ્યવસાયિક વપરાશ માટે પ્રતિ બલ્બ રૂ.૮૦ ની કિંમત પર મળશે.
લાભ મેળવવા આપના નજીકના વીજ વિતરણ કેન્દ્ર પર લેટેસ્ટ ચુકવેલા લાઇટ બીલની કોપી અને ફોટાવાળુ ઓળખપત્ર (ઓરીજીનલ અને ઝેરોક્ષ) લાવવું ફરજીયાત રહેશે.
EESL